# Day to Day Current Affairs

**10 Nov 2015**

## ૧. BCCI 86મી વાર્ષિક જનરલ બેઠક :

- તાજેતરમાં મુંબઇ ખાતે બીસીસીઆઇની 86મી વાર્ષિક સાધારણ બેઠક મળી હતી.
- આ બેઠકમાં અનેક મહત્વના નિર્ણયો લેવાયા, શ્રી નિવાસનને ICC ના અધ્યક્ષપદેથી હટાવવામાં આવ્યા છે.
- આઇસીસીઆઇએ તેના વહિવટમાં પારદર્શિતા રહે તે માટે લોકપાલની વરણી કરી છે. આ માટે ભૂતપૂર્વ નિવૃત જજ એ.પી.શાહ હિતોના ટકરાવના નિરાકરણ માટે લોકપાલ તરીકે જવાબદારી સંભાળશે.
- બીસીસીઆઇ તેના 87 વર્ષની ઇતિહાસમાં સૌપ્રથમવારા રૂપિયા 5 હજાર કરોડની બ્રાન્ડ બની ગઇ છે.
- તેમજ સૌરવ ગાંગુલીને બીસીસીઆઇ ટેકનિકલ કમિટિના પ્રમુખ બનાવાયા.
- બોર્ડ પૂર્વ ખેલાડીઓને તેના નિવૃતી સમય પ્રમાણે આર્થિક લાભો આપશે.
- રાજકોટના ખંઢેરીના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડીયમને ટેસ્ટ અને T 20 સેન્ટર પણ જાહેર કરાયું આથી હવે અહીં ભવિષ્યમાં ટેસ્ટમેચ તથા T 20 મેચ પણ યોજાશે.
- રાજકોટ ઉપરાંત પૂણે, રાચી,ઇંદોર, વિશાખાપટ્નમ અને ધરમશાલાના સ્ટેડીયમને પણ ટેસ્ટનો દરજ્જો આપવામાં આવ્યો.
- સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના માનદ્ સેક્રેટરી નિરંજન શાહની નેશનલ ક્રિકેટ એકેડમીના ચેરમેન તરીકે વરણી કરવામાં આવી.

## ૨. પરમાણુ મિસાઇલ અગ્નિ-4 નું સફળ પરીક્ષણ :

- તાજેતરમાં DRDO દ્વારા અગ્નિ-4 નું સફળ પરિક્ષણ કરાવામાં આવ્યું.
- અગ્નિ-4 નું આ પાંચમુ અને અંતિમ પરિક્ષણ હતું. આ પરિક્ષણ સફળ થતાં હવે અગ્નિ-4 ને લશ્કરમાં દાખલ કરવામાં આવશે.
- આ પરિક્ષણ ઓડીશાના ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ આઇલેન્ડના લોન્ચ કોમ્પલેકસથી કરવામાં આવ્યું હતું.
- 4000 કિમી સુધીની મારણ ક્ષમતા ધરાવે છે.
- જમીનથી જમીન મારણ ક્ષમતા ધરાવતી આ મિસાઇલ 20 મીટર લાંબી અને 17 ટન વજનની છે.
- અગ્નિ-4 મિસાઇલ લશ્કરની કોઇ એક પાંખ હેઠળ નહીં પરંતુ સ્ટ્રેટેજીક ફોર્સ કમાન્ડ (એસએફજી) ના તાલામાં રહેશે.
- દેશના પરમાણુ શસ્ત્રો અને પરમાણુ હથિયારો એસએફજીના કાર્ય-ક્ષેત્રમાં આવે છે.
- 2003માં વાજપાયી સરકારે એસએફજીની રચના કરી હતી.
- આગલી ત્રણ મિસાઇલને અગ્નિ-1, અગ્નિ-2, અને અગ્નિ-3 પહેલેથી જ એસએફજીના ભાથામાં સામેલ થઇ ચૂક્યા છે.
- અગ્નિ-4 પછી ભારત અગ્નિ-5ને પણ લશ્કરમાં સામેલ કરશે જેની રેન્જ 5000 કીમીની છે.
-અગ્નિ-4 અને અગ્નિ-5 મોબાઇલ લોન્ચર વ્હિકલમાંથી ફાયર થઇ શકે છે. એટલે કે જ્યાં તેનું વાહન લઇ જવામાં આવે ત્યાંથી એ ફાયર કરી શકાય. તેના માટે કોઇ ચોક્કસ સ્થળે લોન્ચિંગ પેડની જરૂર નથી.

## 3. આગામી ક્રિકેટ વર્લ્ડકપમાં 10 ટીમ જ હશે :

- તાજેતરમાં ICC દ્વારા નિર્ણય લેવાયો કે ઇંગ્લેન્ડ ખાતે 2019માં યોજાનારા વન – ડે વર્લ્ડકપમાં કુલ 10 ટીમ જ ભાગ લેશે.
- વર્લ્ડકપ જેવી ટુર્નામેન્ટમાં શરૂઆતથી અંત સુધી રસપ્રદ બની રહે તેના માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- સપ્ટેમ્બર 2017 સુધી જે ટીમ આઇસીસી વન-ડે રેન્કિંગમાં ટોચના 10 સ્થાને હશે તે જ આગામી વન–ડે વર્લ્ડકપ માટે ક્વોલિફાય થઇ શકશે.

Vivekanand Academy Gandhinagar